# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

****************************************************

1) આકાશવાણી પરથી પ્રસારિત "મન કી બાત" કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સર્જિકલ સ્ટ્રાઈક અને ઓપરેશન સિંદૂરે ભારતની આતંકવાદ વિરોધી નીતિનું વિશ્વ માટે નવું ઉદાહરણ સ્થાપિત કર્યું.

2) નશામુક્ત યુવા અભિયાન માટે સાથે મળીને કામ કરવા પ્રધાનમંત્રીની અપીલ.

3) ગુજરાતમાં એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રેલવે પરિયોજનાનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત - કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદથી દેશની પહેલી LNG સંચાલિત ટ્રેનને લીલીઝંડી આપી.

4) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું નેનોમેડિસિન આગામી પેઢીને ચોકસાઇ અને વ્યક્તિગત આરોગ્યસંભાળને આગળ વધારશે.

5) તિરુવનંતપુરમમાં ક્રિકેટમાં વેસ્ટ ઈન્ડિઝે વનડે આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને જીતવા 296 રનનો લક્ષ્યાંક આપ્યો.

****************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર સેનાની સર્જિકલ સ્ટ્રાઈકે ભારતની આતંકવાદ વિરોધી નીતિનું નવું ઉદાહરણ રજૂ કર્યું છે. આકાશવાણી પરના તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં તેમણે કહ્યું કે દેશ આવતીકાલે, 28 સપ્ટેમ્બરે આ સ્ટ્રાઈકની દસમી વર્ષગાંઠ ઉજવશે. શ્રી મોદીએ કહ્યું કે આતંકવાદ સામે સર્જિકલ સ્ટ્રાઈક કરવા માટે ભારતીય સૈનિકોએ નિયંત્રણ રેખા પાર કરી તે જોઈને વિશ્વ આશ્ચર્યચકિત થઈ ગયું.

## (BYTE : PM ON SURGICAL)

*"बीते एक दशक में बालाकोट की एयर स्ट्राइक से लेकर ऑपरेशन सिंदूर तक भारत ने बार-बार यह स्पष्ट संदेश दिया है कि अगर आतंकवादी भारत पर आंख उठाएंगे तो उसका करारा जवाब दिया जाएगा। आतंकवादी हमलों ने भारत को लंबे समय तक चोट पहुंचाई है। पहले भी हर आतंकी हमले के बाद पाकिस्तान पर कार्यवाही की मांग होती थी। अब आज का भारत आतंकवाद के खिलाफ जीरो टॉलरेंस पॉलिसी लेकर चल रहा है।"*

પ્રધાનમંત્રીએ માહિતી આપી કે તાજેતરમાં દેશભરમાં નશામુક્ત યુવા અભિયાન શરૂ થયું છે. તેમણે કહ્યું કે નશામુક્ત યુવાનો અને વિકસિત ભારત માટેના સંકલ્પને આગળ વધારવા માટે દરેકે સાથે મળીને કામ કરવું જોઈએ.

## (BYTE : PM ON NASHA MUKTI)

*"युवाओं ने नशे से दूर रहने की प्रतिज्ञा ली। और इस संदेश को दूसरों तक पहुँचाने की जिम्मेदारी भी ली। ये सब हो रहा है, नशा मुक्त युवा अभियान के तहत। इसमें माई भारत के वॉलंटियर्स शामिल हैं, और जागरूकता के कार्यक्रम हुए हैं। नशा मुक्ति का संदेश हमारे युवा खुद इस संदेश को आगे बढ़ा रहे हैं। माई भारत पर एंथम, स्लोगन राइटिंग और नुक्कड़ नाटक जैसी अलग-अलग प्रतियोगिताएं हुई हैं।"*

# EVE AMIT SHAH - GUJARAT

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાતના સાબરમતીમાં એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રેલ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સાબરમતી સ્ટેશનથી દેશની પ્રથમ LNG-સંચાલિત ટ્રેનને લીલી ઝંડી પણ આપી.

આ પ્રસંગે એક જાહેર સભામાં ગૃહમંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારતીય રેલવેમાં છેલ્લા 12 વર્ષમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

**(BYTE : AMIT SHAH, UNION HOME MINISTER)**

***( "विद्युतीकरण 2010-11 में 75 किलोमीटर होता था और 23-24 में 7,188 किलोमीटर विद्युतीकरण है। 75 से 7,000 किलोमीटर की छलांग 99.6% रेलवे का विद्युतीकरण हो गया है, .3% जो बाकी है वो भी हम पूरा कर लेंगे।")***

# EARLY SHAH SINGHAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે વિશ્વ હિન્દુ પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અશોક સિંઘલે પોતાનું આખું જીવન હિન્દુત્વ, રાષ્ટ્ર અને સમાજસેવા માટે સમર્પિત કર્યું હતું. સ્વર્ગસ્થ અશોક સિંઘલના જન્મશતાબ્દી સમારોહના ઉદ્ઘાટન સમારોહમાં બોલતા શ્રી શાહે કહ્યું કે અશોક સિંઘલનું જીવન બલિદાન, દેશભક્તિ, ધાર્મિક ભક્તિ, શિસ્ત અને પ્રતિબદ્ધતાના ગુણોને પ્રતિબિંબિત કરે છે.

# RAJNATH DEFENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું હતું કે ભારત અન્ય કોઈ દેશના પ્રદેશ પર કબજો કરવા માંગતો નથી, પરંતુ ખતરાની સ્થિતિમાં તેની સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વાયત્તતાનું રક્ષણ કરશે. સંરક્ષણ પરિષદને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ભારત વિરુદ્ધ આતંકવાદને પ્રોત્સાહન આપતા કોઈપણ દેશ સાથે વાતચીતનો કોઈ અવકાશ નથી. તેમણે કહ્યું કે જો કોઈ પડોશી દેશ આતંકવાદને સમર્થન આપવાનું ચાલુ રાખે છે, તો ભારતને તેની સુરક્ષા અને સાર્વભૌમત્વના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લેવાનો સંપૂર્ણ અધિકાર છે.

# NANOMEDICINE

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે નેનોમેડિસિન આગામી પેઢીને ચોકસાઇ અને વ્યક્તિગત આરોગ્યસંભાળને આગળ વધારશે. વિશ્વ નેનોમેડિસિન કોંગ્રેસ 2026ના ઉદ્ઘાટન સમારોહમાં તેમણે કહ્યું કે બાયોટેકનોલોજી વિભાગ નેનોમેડિસિન ક્ષેત્રમાં 210 સંશોધન અને વિકાસ પ્રોજેક્ટ્સને 174 કરોડ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડી રહ્યું છે.

ડૉ. સિંહે નેનોમેડિસિનને તબીબી ક્ષેત્રમાં સૌથી મહત્વપૂર્ણ ફેરફારોમાંનું એક ગણાવ્યું.

# ED RUMMY

રમી કલ્ચર એપ અને અન્ય કેસોના સંદર્ભમાં પ્રવર્તન નિર્દેશલાયે (ED) એ આશરે 442 કરોડ રૂપિયાની સ્થાવર અને જંગમ સંપત્તિ જપ્ત કરી છે. આ કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ કરવામાં આવી હતી. સંસ્થાએ જણાવ્યું કે જપ્ત કરાયેલી સંપત્તિઓમાં ફિક્સ ડિપોઝિટ, કોમર્શિયલ દુકાનો, એક વિલા અને અનેક રહેણાંક મિલકતોનો સમાવેશ થાય છે. આ મિલકતો ગેમ્સક્રાફ્ટ ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ સાથે સંકળાયેલા વ્યક્તિઓ અને સંસ્થાઓના નામે રાખવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# DAY VP-KERALAM

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે એક દિવસની સત્તાવાર મુલાકાતે કેરળ પહોંચ્યા હતા. તેમણે કોલ્લમના અમૃતાપુરીમાં માતા અમૃતાનંદમયીના 73મા જન્મદિવસ સમારોહમાં કહ્યું કે માતા અમૃતાનંદમયીનું આખું જીવન પ્રેમ અને માનવતાની સેવાના સંદેશથી ભરેલું હતું.

ઉપરાષ્ટ્રપતિએ નેપાળના પૂરગ્રસ્ત વિસ્તારો માટે માતા અમૃતાનંદમયી મઠ વતી ભારતમાં નેપાળના રાજદૂત સુરેન્દ્ર થાપાને 2 કરોડ રૂપિયાનો ચેક સોંપ્યો.

# SEWA SANKALP ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેમની યાત્રા જનસેવાથી રાષ્ટ્રસેવાના સંકલ્પ અને અવિરત્ જનસેવાની ભાવનાથી પ્રેરીત રહી છે. આ સેવા અને સુશાસનના વિચાર સાથે સરકાર વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યની દિશામાં કામ કરી રહી છે. અમારી આ વિશેષ શ્રેણીમાં જણાવશું કે સરકારની સ્ટાર્ટ-અપ પહેલ રોજગાર સર્જન અને મુખ્ય ટેકનોલોજી ક્ષેત્રોમાં કાર્ય કેવી રીતે આગળ વધારી રહી છે.

## (VC – HEMANGINI SONARA)

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2015માં સ્ટાર્ટઅપ ઇન્ડિયા માટે હાકલ કરી હતી જેણે એક જીવંત ઉદ્યોગસાહસિક સંસ્કૃતિનો પાયો નાખ્યો અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ખાનગી ભાગીદારી માટે નવા રસ્તા ખોલ્યા. છેલ્લા એક દાયકામાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા 350 થી વધીને બે લાખથી વધુ થઈ છે જે 25 લાખથી વધુ નોકરીઓનું સર્જન કરે છે. ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. બેંગલુરુને પણ આ સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમનો લાભ મળ્યો છે. તે 17 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સનું ઘર છે. આકાશવાણી સાથે વાત કરતા, InnAccel ના સહ-સ્થાપક અને ડિરેક્ટર નિતેશ કુમાર જાંગીરે C CAMP અને ભારત સરકારનો આભાર માન્યો.*

*(નિતેશ કુમાર જાંગીર-બાઇટ)*

*સ્ટાર્ટઅપ અપ્સ અને યુનિકોર્ન્સ એક સહાયક ઇકોસિસ્ટમ બનાવવામાં મદદ કરી રહ્યા છે જે દેશને તેના વસ્તી વિષયક લાભાંશનો ઉપયોગ કરવા અને વૈશ્વિક નવીનતા કેન્દ્ર તરીકે ઉભરી આવવા સક્ષમ બનાવે છે.*

*હેમાંગીની સોનારા આકાશવાણી સમાચાર વિભાગ અમદાવાદ.)*

# IMD- DAY

હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, બિહાર, પૂર્વી ઉત્તરપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદની આગાહી છે.

આવતીકાલ સુધી આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભારે વાવાઝોડા અને વીજળી પડવાની સંભાવના છે. માછીમારોને મંગળવાર સુધી અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

# KERELAM-RED ALERT

કેરળમાં ભારતીય રાષ્ટ્રીય સમુદ્ર માહિતી સેવા કેન્દ્ર –INCOIS દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં દરિયાકાંઠાના અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને પૂર અને પૂરના જોખમ અંગે સાવધ રહેવાની ચેતવણી આપવામાં આવી છે. જોખમી દરિયાઈ સ્થિતિને કારણે રાજ્યભરમાં આવતીકાલ સુધી માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તમિલનાડુ, કન્યાકુમારી અને લક્ષદ્વીપના દરિયાકાંઠા માટે પણ આવી જ ચેતવણી જાહેર કરવામાં આવી છે.

# FUR.REV.ASIAN GAMES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એશિયન ગેમ્સમાં ચંદ્રક જીતનાર તમામ રમતવિરોને અભિનંદન પાઠવ્યા. તેમણે અનાહત સિંહને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે સ્ક્વોશમાં સિંગલ્સ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બનીને, તમે ઇતિહાસમાં તમારું નામ લખાવ્યું છે.

જાપાનના આઈચી-નાગોયા ખાતે ચાલી રહેલી એશિયન ગેમ્સ 2026માં, ભારતની એન્સી સોજન એડાપિલીએ આજે મહિલા લાંબી કૂદમાં રજત ચંદ્રક જ્યારે પુરુષોની ઊંચી કૂદમાં સર્વેશ કુશારે રજત ચંદ્રક જીત્યો. ભારતીય દોડવીર હરિતા ભદ્રાએ મહિલાઓની 200 મીટર સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. તેજસ્વિન શંકરે ડેકાથલોન સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. પારુલ ચૌધરીએ 3 હજાર મીટર સ્ટીપલચેઝ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

જ્યારે સ્ક્વોશમાં, અભય સિંહ અને અનાહત સિંહે રજત ચંદ્રક જીત્યા હતા. હાલમાં, ભારત કુલ 37 મેડલ જીત્યું છે.

# CRICKET INDIA-WEST INDIES

પુરુષ ક્રિકેટમાં, વેસ્ટ ઈન્ડિઝે આજે ત્રણ મેચની શ્રેણીના પ્રથમ વનડે આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ભારતને 296 રનનો લક્ષ્યાંક આપ્યો. તિરુવનંતપુરમમાં રમાઈ રહેલી આ મેચમાં શાઈ હોપની આગેવાની હેઠળની વેસ્ટ ઈન્ડિઝે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 295 રન બનાવ્યા. ટીમ તરફથી સૌથી વધુ 101 રન જસ્ટિન ગ્રીવ્સે કર્યા. ભારત તરફથી કુલદીપ યાદવે 4, પ્રસિદ્ધ ક્રિષ્ણાએ 2 અને નીતિશ કુમાર રેડ્ડીએ એક વિકેટ લીધી. ભારતે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

હાલમાં મળતાં અહેવાલ મુજબ શુબમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમે 21 ઓવરમાં 1 વિકેટે 131 રન બનાવ્યા છે. જ્યારે ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્મા 32 રન બનાવીને આઉટ થયા.